| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૦/૧૦/૨૦૨૨ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૧૮/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૬ | ૨,૭૭,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# સીનીયર સીટીઝન વિધવા મહિલાઓને વિધવા સહાય આપવા બાબતે વિશ્વાસમાં લઇ ગુન્હા આચરતા ઇસમને શોધી કાઢતી ખાડીયા પોલીસ

## ખાડીયા પોલીસ સ્ટેશનઃ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ શ્રી આર.વી.અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી સુશીલ અગ્રવાલ સાહેબ (ઝોન-3) તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી અતુલ બંસલ સાહેબ (ઈ ડીવિઝન) નાઓ તરફથી મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ સુચનાં થઇ આવેલ હોય જે અન્વયે.

ખાડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નંબર પાર્ટ એ ૧૧૧૯૧૦૦૫૨૨૦૪૧૭/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ મુજબના કામના ફરિયાદી શ્રી ગીતાબેન દિનેશચંદ્ર હિરાલાલ ભાવસાર વિધવા પત્નિ ઉ.વ.૬૫ રહે - મ.નં-૨૮૩ મઠની પોળ કોઠની પોળ અંદર રણછોડજી મંદીરની ઉપર ભુતની આંબલી આસ્ટોડીયા અમદાવાદ શહેરનાઓએ આવી જાહેરાત કરેલ કે ગઇ તા-૨૮/૦૯/૨૦૨૨ ના બપોરના દોઢેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે હોઇ અને વિધવા સહાય ફોર્મ ભરવા અંગેની માહીતી આપી ફરીયાદીને વિશ્વાસમાં લઈ જે બે ગ્રામ સોનાની કડી તેમજ રૂ.૧૦૦૦૦/- લઇ નાસી જઇ ગયેલ બાદ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૫૨૨૦૪૨૪ ધી ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ મુજબના કામના ફરીયાદીશ્રી મનોરમાંબેન ભરતભાઇ પટેલ ઉ.વ-૬૯ રહે-મ.નં-૧૨૫૩/૧,પડીપોળ માંડવીની પોળ માણેકચોક અમદાવાદ શહેરનાઓએ આવી જાહેરાત કરેલ કે ગઈ તા.-30/૦૯/૨૦૨૨ ના બપોરના દોઢેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે હોઇ અને વિધવા સહાય ફોર્મ ભરવા અંગેની માહીતી આપી ફરીયાદીને વિશ્વાસમાં લઈ જે ૧૨ ગ્રામ સોનાની ચેઇન તેમજ રોકડ રૂ.૧૧૦૦૦/- લઇ જઇ નાસી ગયેલ હોવાની જાહેરાત કરતા ઉપરોક્ત બન્ને ગુ.ર.નં તથા કલમથી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ.

ગઈ તારીખ ૦૭/૧૦/૨૦૨૨ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ એમ.એમ.પરમાર તથા સર્વેલન્સ સ્કોડના માણસો અ.હેડ.કોન્સ.ધર્મેશભાઇ હિન્દુભાઇ બ.નં-૫૩૪૧ તથા અ.પો.કો. પ્રદિપસિંહ રોહીતસિંહ બ.નં-૬૪૭૩ તથા અ.પો.કો.પ્રભાતભાઇ માનાભાઇ બ.નં-૧૨૮૧૪ તથા અ.પો.કો.દસરથસિંહ પરમાજી બ.નં-૬૧૪૩,તથા અ.પો.કો જગદીશભાઇ જેઠાભાઇ બ.નં-૬૯૬૧ તથા અ.પો.કો મહેશભાઇ રમેશભાઇ બ.નં-૧૨૫૭૯ તથા અ.પો.કો પ્રકાશભાઇ લવજીભાઇ બ.નં-૧૧૮૭૬ નાઓ સાથે ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તાર પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા ઢાળની પોળ અંદર જવાના રસ્તે આવતા સાથેના "અ.પો.કો જગદીશભાઇ જેઠાભાઇ તથા અ.પો.કો પ્રભાતભાઇ માનાભાઇ તથા અ.પો.કો પ્રદિપસિંહ રોહીતસિંહ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે આવા પ્રકારની એમ.ઓ ધરાવતા ઈસમોની જે ઢાળની પોળ અંદરથી કાળા કલરની ચેક્સમાં શર્ટ તેમજ આછા કાળા કલરનો પેન્ટ પહેરેલ છે સદરી ઇસમને

પકડી પાડી ખાડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નંબર ૧૧૧૯૧૦૦૫૨૨૦૪૧૭/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ તથા ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૫૨૨૦૪૨૪ ધી ઇ.પી.કો કલમ-૪૦૬,૪૨૦ મુજબનો ગુનો શોધી કાઢવામાં આવેલ તેમજ પુછપરછ દરમ્યાન આશરે ૬/૭ જેટલી સિનિયર સિટીઝન વિધવા મહીલાઓને તપાસ દરમ્યાન ભોગ બનાવેલ તેવુ જણાઇ આવેલ.

## પકડાયેલ આરોપી - :

મહંમદસિરાજ મહમદફઝલ મેમણ (ઉ.વ.૨૦)(રહે.મયુર હોટેલ સલાબત રોડ લાલ દરવાજા અમદાવાદ શહેર મુળ વતન-મ.નં-૨૧,રસુલ તળાવ લાલ દરવાજા પાસે વિસનગર તા.-વિસનગર જીલ્લો-મહેસાણા)

## કબ્જે કરેલ મુદ્દામાલ :-

(૧) રોકડ રૂ.-૧૦,૦૦૦/- તથા એક સોનાની કડી બે ગ્રામ જેની કી.રૂ.૨૦૦૦/- તથા (૨) રોકડ રૂ.-૧૧,૦૦૦/- તથા એક સોનાની ચેઇન જે ૧૨ ગ્રામ જેની કિ.રૂ.-૪૦,૦૦૦ તથા બીજા અન્ય ૬/૭ જેટલી સિનિયર સિટીઝન વિધવા મહીલાઓ ભોગ બનનારના રોકડ રૂ.-૩૦,૦૦૦/- ગણાય તે મળી કુલ્લે રોકડ રૂપિયા ૫૧,૦૦૦/- તથા એક કડી તેમજ ચેઇન જેની કુલ્લે રૂ.-૪૨,૦૦૦/- ની મત્તાનો મુદામાલ



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૯/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૦૨ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૦/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૨૧/૨૦૨૨

**સોલા હાઇકોર્ટઃ** દક્ષેશભાઇ અનિલભાઇ સિંગાડા (ઉ.વ.૨૪)(રહે.અભિષેક એપાર્ટમેન્ટ, ગણેશ કોલેજ ની પાસે, નવા વાડજ) એ તા.૦૯/૧૦/૨૦૨૨ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૦૮/૧૦/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન ગોતા ગામ ખોડીયાર મંદિર સામે આવેલ અરિહંત સિરામિક નામની ખુલ્લી જગ્યામાં દક્ષેશભાઇનું ઇલેક્ટ્રોનીક્સ મટીરીયલ્સ પડેલ હતુ જેમાં (૧) કોર વાયરો ૩૧ મીટર લંબાઇના કિંમત રૂપિયા ૫,૨૭૦/- (૨) ગોળાઇના કેબલો ૧૮ મીટર લંબાઇના કિંમત રૂપિયા ૧૭,૧૦૦/- (૩) ૨૪૦ એમ.એમ. ગોળાઇના કેબલો ૩૪ મીટર લંબાઇના કિંમત રૂપિયા ૩૨,૩૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૬૭૦/- મતાના કેબલો કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અમીતભાઇ જીતુભાઇ ચલાવે છે.

**સરખેજઃ** દિપેશભાઇ પરષોતમભાઇ જહાગ્યાની (ઉ.વ.૨૧)(રહે.રાધે હાઇટસ ફ્લેટ સફલ બંગ્લોઝ ની બાજુમાં ભાટ ગાંધીનગર) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૪૫ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન મહંમદપુરા રોડ ઉપર આવેલ બીઝી બીંસ કાફે સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની હુંડાઇ ગ્રાંટ આઇ-૧૦ કાર નંબર જીજે.૦૫.આરબી.૯૯૫૬ ની ડાબી બાજુનો પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારની ડ્રાઈવર સીટની બાજુમાં મુકેલ ડેલ કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તેમજ દિપેશભાઇની કારની આગળ પાર્ક કરેલ મારૂતિ બલેનો કાર નંબર જીજે.૦૮.સીસી.૫૫૩૬ નો ડાબી બાજુનો આગળના દરવાજાનો કાચ તોડી સીટ ઉપર મુકેલ એપલ કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી યશપાલસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

**સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૨/૨૦૨૨**

**નરોડાઃ** શશીકાંત ભીખનરાવ કાપુરે(શીમ્પી)(ઉ.વ.૬૫)(રહે.સુવિધાપાર્ક સોસાયટી, પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ કૃષ્ણનગર નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૨ ના કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ચાર રસ્તા પાસે નરોડા પાટીયા તરફ જતા રોડની સાઇડમાં શશીકાંત તથા તેમના પત્નિ મીનાબહેન (ઉ.વ.૬૦) નાઓ ઓટોરીક્ષાની રાહ જોઇ ઉભા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષના આશરાના) એ મીનાબહેનના ગળામાં પેહરેલ સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**સરદારનગરઃ** જીગ્નેશભાઇ ગૌતમભાઇ પરમાર (ઉ.વ.૩૬)(રહે.ઘી કાંટા દુધવાળી પોળ ની સામે ગૌસ્વામી મહારાજનુ ડેલુ શાહપુર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે નોબલનગર કામદારનગર ગલી નંબર.૨ આગળ રોડ ઉપરથી પોતાનું એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષએ જીગ્નેશભાઇના ગળામાં પેહરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૩/૨૦૨૨**

**વેજલપુરઃ** સંજયભાઇ મણીલાલ મીણા (ઉ.વ.૨૪)(રહે.લક્ષ્મણભાઇ રબારીના મકાનમા ઇન્દીરાપાર્ક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૨ ના કલાક ૧૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે સીલીંગની પાઇપ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર મણીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી